નગરની શાળાઓના વિદ્યાર્થીઓએ રોગ નિયંત્રણ કાર્યક્રમ અન્વયે સેક્ટરોમાં તપાસ હાથ ધરી



## @ગાંધીનગર

● ગાંધીનગર જીવ કલ્યાણ સંસ્થાની સામાન્ય સભા બેઠક આજે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરના યજ્ઞખંડમાં સાંજે ૫-૦૦ કલાકે કે.બી. વ્યાસના અધ્યક્ષ સ્થાને યોજાશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા સેકટર-૭ના બગીચામાં વરૂણદેવને રીઝવવા પ્રાર્થના અને સમાચાર વાંચનનો કાર્યક્રમ સાંજે ૬.૧૫ કલાકે યોજાશે.

● જલારામ સેવા સમાજ દ્વારા સેકટર-૨૯ ખાતે વિદ્યા પુરસ્કાર સમારોહનો કાર્યક્રમ બપોરે ૨.૩૦ કલાકે યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળનો લઘુરૂદ્રાભિષેક પ્રફુલ્લકુમાર દવેના નિવાસસ્થાને પ્લોટ નં. ૧૮૭/૧, સેકટર-૬-બી ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

● પાટીદાર રેલીની સફળતા માટે ગાંધીનગરના યુવા પાટીદારો દ્વારા સવારે ૯.૩૦ કલાકે ખ-૦ સરગાસણ ચાર રસ્તા પાસે એટ્રીયા ધ બિઝનેસ હબ ખાતે ગાયત્રી મહાયજ્ઞ તથા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે.

● શિવ શકિત શિવ મહિમ્ન પાઠ કિર્તિભાઈ ભટ્ટના નિવાસસ્થાને ૧૪૫/૧૨, બી-૧ ટાઈપ, નવરાત્રી ચોકની બાજુમાં રાત્રે ૯-૦૦ કલાકે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવ રૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ આજે બાબુલભાઈ દવેના નિવાસસ્થાને સ્વીટ હોમ એપાર્ટમેન્ટ સેકટર-૨૮ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● ગાંધીનગર નજીક આવેલા લેકાવાડા સ્થિત દશામાના મંદિરમાં દશામાના વ્રતના જાગરણ નિમિત્તે રાસ ગરબા યોજાશે.

● સે-૨૨માં પાર્શ્વનાથ ભગવાનના પાંચ કલ્યાણની ભવ્ય ઉજવણી જૈન દેરાસર ખાતે આચાર્ય ભગવંત અરૂણોદયસાગર સુરીશ્વરમહારાજના સાંનિધ્યમાં સંગીત સાથે આ કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત રાત્રે ૮-૦૦ કલાકે કુમારપાળ રાજાની મહાઆરતી યોજાશે.

● સે-૧૬ના નવીન રંગમંચનું લોકાર્પણ આજે કરાશે.

● સે-૬ સંત રોહિદાસ મંદિર ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ સવારે ૧૦થી ૧ કલાક દરમિયાન યોજાશે.

● પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામની બેઠક સવારે ૯.૩૦ કલાકે વિશ્રાંતિભવન ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે યોજાશે.

● સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે સુકામેવાના હિંડોળા યોજાશે.

● સે-૩ રામેશ્વર મંદિર ખાતે બિસ્કીટના હિંડોળા યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# દશામાની મૂર્તિના વિસર્જન માટે ઈન્દ્રોડામાં ખાસ વ્યવસ્થા

## બુંદીની પ્રસાદી તથા પાર્કિંગ માટેની વ્યવસ્થા ગોઠવાઈ : નિષ્ણાત તરવૈયાઓ મૂર્તિઓનું વિસર્જન કરશે : ૩૫ થી ૪૦ હજાર ભાવિકો ઉમટી પડવાનો અંદાજ




ગાંધીનગર, તા. ૨૨

દશામાના વ્રતનું મહાત્મ્ય ખુબ વધતુ જાય છે. દસ દિવસ સુધી ચાલનારા આ વ્રતની સોમવારે પૂર્ણાહુતિ થશે. સોમવારે વહેલી સવારે દશામાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવશે. ઈન્દ્રોડા ખાતે સાબરમતી નદીના કિનારે ગ્રામજનો દ્વારા વિસર્જન માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ગાંધીનગર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોની દશામાનુ વ્રત કરતી મહિલાઓ અને તેમના પરિવારજનો દશામાની મૂર્તિનું વિસર્જન કરવા ઈન્દ્રોડા ગામે ઉમટી પડે છે. ઈન્દ્રોડાના અગ્રણી અને કાઉન્સિલર હસમુખભાઈ મકવાણાએ જણાવ્યું છે કે છેલ્લા વીસ વર્ષથી ઈન્દ્રોડાના ગ્રામજનો દ્વારા દશામાની મૂર્તિઓના વિસર્જન પ્રસંગે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. અગાઉના વર્ષોમાં જ્યારે નદીમાં પાણીનો આવરો ન હતો ત્યારે ગ્રામજનો દ્વારા નદી કિનારે મોટા કુંડ બનાવી બોર વડે તેમાં પાણી ભરી મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવતુ હતુ. આ વર્ષે નદીમાં પાણી હોવાથી અને ધરોઈ બંધમાંથી સતત પાણી છોડવામાં આવતા વિસર્જન વખતે કોઈ દુર્ઘટના ન બને તે માટે ખાસ વ્યવસ્થા ગોઠવાઈ છે. ગામના તહવૈયાઓને વિસર્જન સમયે નદી કિનારે ફરજ સોંપવામાં આવી છે. જેઓ મૂર્તિઓના વિસર્જનમાં ભાવિકોની મદદ કરશે. આ વર્ષે ૩૫ થી ૪૦ હજાર જેટલા ભાવિકો ઈન્દ્રોડા ગામના પાદરે એકત્ર થવાના હોઈ પાર્કિંગની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. લાઈટ તથા રસ્તાઓની મરામત કરાવી લેવાઈ છે. ભાવિકોને પ્રસાદરૂપે બુંદી આપવામાં આવશે. સોમવારે વહેલી પરોઢથી લઈને સૂર્યોદય સુધી મહિલાઓ અને ભાવિકો મૂર્તિઓના વિસર્જન પ્રસંગે ઈન્દ્રોડા ગામે ઉમટી પડશે.

# જીએસપીસી ગેસ બિલના ચુકવણામાં કંપનીની ટેકનીકલ ક્ષતિથી ગ્રાહકો દંડાશે

## શનિવારે કોઈ પણ સ્થળે ચુકવણું શકય બન્યું નહીં, રવિવારે રજા હોવાથી બે દિવસ મુદત વધારવા માંગ

ગાંધીનગર, તા.૨૨

નગરમાં જીએસપીસી ગેસના અનેક ધારકો છે. નિયમિત ગેસ બિલનું ચુકવણું કરતાં ગ્રાહકોને ચાલુ માસના બિલના ચુકવણામાં કંપનીની ક્ષતિઓ થકી દંડનાત્મક કાર્યવાહીનો ભોગ બનવું પડે તેવી નોબત આવી છે. શનિવારના રોજ જીએસપીસીના બિલ ચુકવવાના તમામ સ્થળોએ ક્ષતિઓ થકી ચુકવણા શકય બન્યા નથી. તેમજ રવિવારના રોજ રજા રહેશે જેથી સોમવારની અંતિમ તારીખે બિલ ભરવું કઠિન બનશે માટે ગેસ ધારકોએ ચાલુ બિલના ચુકવણાની મુદત વધારવા તીવ્ર માંગ કરી છે.

જીએસપીસી કંપનીએ પોતાના ગ્રાહકોને ગેસ બિલ મોકલીને સમયસર ચુકવણું કરી દેવા જણાવી દઈને વિલંબ માટે દંડ પેટે રૂ. ૭૦ વસુલવામાં આવશે તેવી આકરી શરતનો પણ ઉમેરો કરેલ છે. પરંતુ ચાલુ માસના બિલ ભરવા શનિવારના રોજ ગયેલા ગ્રાહકો હેરાન પરેશાન થઈ ગયા છે અને દંડનાત્મક કાર્યવાહીથી બચવા જીએસપીસીના તમામ કલેકશન સેન્ટર ઉપર જઈ આવી ધરમધક્કા ખાધા છે. જેમાં ઘ-૨ પાસેના જીએસપીસી કલેકશન સેન્ટરમાં સર્વર ડાઉન હતું જયાં બિલ સ્વીકારાતા નથી. સેકટર-૫માં આવેલ ઓફીસ અનિશ્ચિતતા ભરેલી છે જયાં ધક્કા જ રહેલા હોય છે જયારે ઈન્કવાયરીમાં મુકવામાં આવેલ ડ્રોપ બોક્ષ સુરક્ષિત નથી જેમાં ચેક નાખવાથી ગેરવલ્લે જવાની શકયતા છે કારણ કે આ ડ્રોપ બોક્ષને તાળા લગાવેલા નથી.

આ તમામ સંજોગોને ગ્રાહકોએ ધ્યાને લઈ શનિવારે કંપનીની ટેકનીકલ ક્ષતિથી બિલના ચુકવણા થઈ શકયા નથી જયારે રવિવારે રજા રહેતી હોય છે તો સોમવારે અંતિમ તારીખ છે જેમાં ચેક વગેરેનું કલીયરીંગ થવું શકય નથી. આમ નિર્દોષ ગ્રાહકો વગર વાંકે દંડનાત્મક કાર્યવાહીનો ભોગ બનવાના સંજોગો ઉભા થયા છે જેથી ગ્રાહકોએ બિલ ચુકવણાની મુદત બે દિવસ વધારવા માંગ કરી છે.

મહારાષ્ટ્ર ભવન ખાતે મહારાષ્ટ્ર સેવા સમાજ દ્વારા સ્નેહમિલન સમારંભમાં લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ એનાયત કરાયો હતો. આ પ્રસંગે સમાજની મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. મહિલાઓએ વિવિધ પ્રવૃત્તિઓ માટે આયોજન કર્યું હતું અને સામાજિક વિકાસ માટે ખભેખભા મિલાવી સામાજિક એકતાની હાકલ કરી હતી.



(તસવીર : દિપક જાની)

## ફતેપુરા ગામની વારસાઈ કામગીરી ઝડપી બનશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ફતેપુરા ગામના ગ્રામજનો દ્વારા વારસાઈ અંગે તંત્રમાં અરજીઓ કરવામાં આવી હતી. વધુ પડતી અરજીને કારણે તંત્રમાં કામ અટકી ગયું હતું. ગ્રામજનો દ્વારા મનપાના સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેન રાકેશ પટેલને અનેકવાર રજુઆત કરી હતી. ચેરમેને ઉચ્ચ કક્ષાએ આ અંગે રજુઆત કરતાં હકારાત્મક પરિણામ આવતા વારસાઈની કામગીરી આગામી સમયમાં ખુબ ઝડપી અને સરળ બનશે.

ફતેપુરા ગામ ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં આવે છે. અગાઉ આ વિસ્તાર વાવોલ ગ્રામ પંચાયતમાં આવેલ હતો. જો કે છેલ્લા કેટલા સમયથી ગ્રામજનો દ્વારા આપવામાં આવેલી વારસા અરજીની કામગીરી અટકી પડી હતી જેના પરિણામે સ્થાનિકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. ગ્રામજનો દ્વારા મંત્રી, ધારાસભ્ય, સાંસદસભ્ય સહિત ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હતી. મનપાના સ્ટેન્ડીંગ ચેરમેન દ્વારા પણ વારસાઈ અંગે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરતા આ મામલે જરુરી કાર્યવાહી કરવા સંલગ્ન કચેરીને ઉચ્ચકક્ષાએ જણાવ્યું છે. જેથી આગામી સમયમાં ફતેપુરાના ગ્રામજનોની વારસાઈ કામગીરી ઝડપી અને સરળ બનશે.

# ડોકટર્સોના પ્રશ્નો અંગે કલેકટરને આવેદન પત્ર સુપરત કર્યું



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લા-શહેરમાં સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે છેલ્લા નવ વર્ષથી આયુષ ડોકટર્સ તરીકે ફરજ બજાવતા ૨૨ ડોકટર્સ દ્વારા પોતાના પડતર પ્રશ્નો અને માંગણીઓ અંગે વારંવાર રજુઆત કરવા છતાં યોગ્ય નિર્ણય ન આવતા ભારતીય ડોકટર્સ એન્ડ ઓફીસર્સ એસોસીએશનના સભ્યો દ્વારા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા આરોગ્ય અધિકારીને આવેદન પત્ર સુપરત કર્યું છે.

ગાંધીનગર જિલ્લામાં નવ વર્ષથી રાષ્ટ્રીય કાર્યક્રમની સેવા આપતા આયુષ ડોકટર્સને પ્રતિમાસ રૂ. ૧૧૦૦૦ વેતન મળે છે જે તબીબી અધિકારી આયુષ માટે એકદમ નહિવત છે. જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા અધિકારી-કર્મચારીઓ કરતાં ખુબ ઓછું વેતન છે. આયુર્વેદ/હોમિયોપેથીકના ડોકટરના પગાર મુજબ પુરો પગાર અને ખાનગી પ્રેકટીસની છુટ આપવી, ૫૦૦ રૂ.ની મર્યાદામાં ટી.એ.ડી.એ. મળે છે તે દુર કરી ફિલ્ડ વિઝીટનું ટી.એ.ડી.એ. સહિત એન.આર.એચ.એમ.માં ફિકસ વેતન ધારક કર્મચારીઓને દર વર્ષે ૧૫ ટકા વધારો આપવામાં આવે છે તે મુજબનો પગાર વધારો આપવા સહિતની માંગ સાથે આયુષ ડોકટર્સ દ્વારા જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા આરોગ્યને આવેદન પત્ર સુપરત કર્યું છે.

## હીરામણિ કેમ્પસ ખાતે વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલ હિરામણી શાળા કેમ્પસ ખાતે વિજ્ઞાન હરિફાઈ પ્રદર્શન યોજાયું હતું. જેમાં શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિજ્ઞાનને લગતા પ્રોજેકટ રજુ કર્યા હતા.

હિરામણી શાળાના વૃદ્ધાશ્રમ સત્સંગ હોલમાં તા. ૨૦, ૨૧ ઓગષ્ટ ૨૦૧૫ના રોજ વિજ્ઞાન પ્રદર્શનમાં શહેરની ૩૨ શાળાઓના ૧૫૮ વિદ્યાર્થીઓ અને ૬૪ શિક્ષકોએ ભાગ લઈ ૬૪ પ્રોજેકટ રજુ કર્યા હતા. જેમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત, જીવવિજ્ઞાન અને પર્યાવરણ આધારીત વિવિધ પ્રોજેકટ્સ તૈયાર કરી વિદ્યાર્થીઓએ પોતાની વૈજ્ઞાનિક દ્રષ્ટિનો પરિચય આપ્યો હતો. આ વિજ્ઞાન સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક ત્રિવેણી હાઈસ્કૂલ, પ્રોજેકટ હાઈડ્રોલીક રોબો), દ્વિતિય ક્રમે હિરમાણી ઉચ્ચત્તર માધ્યમિક શાળા (ગુ.મા.) (પ્રોજેકટ, દરિયામાં ઢોળાયેલ ઓઈલને પાણીથી છુટુ પાડવું), તૃતિય ક્રમે નવનિર્માણ કો. ઓ. બેંક માધ્યમિક શાળા (પ્રોજેકટ મેનેજમેન્ટ ઓફ વેસ્ટ મટિરીયલ્સ)ને વિજેતા જાહેર કરી હતી. આકાર હાઈસ્કૂલ હાઈડ્રોલીક ક્રેન અને સાબરમતી હાઈસ્કૂલ ઈલેકટ્રો મેગ્નેટીક ટ્રેન માટે પસંદ કરવામાં આવી હતી. તમામ વિજેતાઓને રોકડ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા. પ્રોજેકટમાં જજ તરીકે ગુ.યુ. સાયન્સ વિભાગના ડીન ડૉ. નિશા શાહ, ડૉ. અરૂણ પટેલ, સેન્ટ ઝેવિયર્સ (ફિઝીકસ), ગુ.યુ. કેમેસ્ટ્રી વિભાગના પ્રો. કે. એચ. ચિખલીયા હાજર રહી તમામ પ્રોજેકટનું ઝીણવટપૂર્વક અવલોકન કરી વિજેતાઓના નામ જાહેર કર્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં શાળાના બાળકો હાજર રહ્યા હતા.

## સે-૬ અપનાબજાર પાસેથી એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૨

શહેરના સેકટર-૬ ખાતે સ્થિત અપનાબજાર પાર્કીંગમાં ૧૧ ઓગષ્ટે સે-૧૨માં રહેતા પ્રવિણભાઈ અમરતભાઈ પરમારે પોતાનું એકટીવા પાર્ક કર્યું હતું. રૂ. ૧૦ હજારની કિંમતનું જીજે ૧૮ એ ૧૩૪૧ નંબરનું એકટીવા સાંજે ૭ વાગે પાર્ક કર્યું હતું. અડધા કલાકમાં જ એકટીવાની ઉઠાંતરી કરીને વાહનચોરો ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે એકટીવા માલિક પ્રવિણભાઈની ફરીયાદને આધાર સે-૭ પોલીસ મથકનાં પીએસઆઈ વી.યુ. ગડરીયાએ ઉંડી તપાસ શરુ કરી છે.

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા શ્રાવણમાસ નિમિત્તો રૂદ્ર પૂજાનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે આર્ટ ઓફ લીવીંગના ગાંધીનગર એકમ દ્વારા રૂદ્રપૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રૂદ્ર પુજામાં બેંગ્લોર આશ્રમથી પધારનાર સ્વામીજીના નેતૃત્વ અને પંડિત ગણ સાથે વ્યકિતગત તથા સામુહિક રૂદ્રપૂજા યોજાશે. આ રૂદ્રપૂજા તા. ૨૭મી ઓગષ્ટથી તા. ૧૩મી સપ્ટેમ્બર દરમિયાન દરરોજ સાંજે ૬.૩૦ વાગે યોજાશે તા. ૧૨મી સપ્ટેમ્બરે સે-૧૨માં બલરામ ભવન ખાતે સાંજે ૫.૩૦ વાગે સામુહિક પૂજા યોજાશે.

આર્ટ ઓફ લીવીંગ દ્વારા યોજાનાર રૂદ્રપૂજાનો પ્રારંભ તા. ૨૭મી ઓગષ્ટે કરૂણાબેન કુમાવતના નિવાસસ્થાન એ-૩૦૧, સ્વાગત રેઈનફોરેસ્ટ-૨, કુડાસણ ખાતે થશે. તા. ૧લી સપ્ટેમ્બરે સીમાબેન દવેના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૯૪, સે-૪-એમાં પ્રમુખ એપાર્ટમેન્ટમાં યોજાશે. તા.૮મી સપ્ટેમ્બરે કરસનભાઈ પટેલના નિવાસસ્થાન ૭-વિનાયક પાર્ક, દહેગામ ખાતે અને તા. ૧૨મી સપ્ટેમ્બરે ભુલાભાઈ કડીયાના નિવાસસ્થાન ૬૪, સોમનાથ પાર્ક, સરગાસણ ચાર રસ્તા પાસે યોજાશે. તા.૧૩મી સપ્ટેમ્બરે સ્મિતાબેન પટેલના નિવાસસ્થાન ૮૮/૨, સે-૨-એ અને હિતેશ પટેલના નિવાસસ્થાન ૧૨૦૭/૧, સે-૭-ડી ખાતે યોજાશે.

## વાતવાતમાં

● વિધાનસભા સામે 'ચ' રોડ પર લગાડાયેલ 'અકસ્માત સંભવિત વિસ્તાર'નું બોર્ડ પડી જવા પામ્યું છે.

● હવે તો સેકટરના અંદરના માર્ગો પર પણ અકસ્માત થવા લાગ્યાં છે. સે-૭માં મુખ્ય શોપીંગ નજીકના માર્ગ પર આજે બે કારની ટકકર થઈ હતી. આ ટકકરમાં કોઈને ઈજા તો નથી થઈ પરંતુ બંને કારને સારું એવું નુકશાન થવા પામ્યું હતું.

● આજકાલ નગરમાં બિમારીની સીઝન ચાલી રહી છે. નગરના દવાખાના શરદી, તાવ, ખાંસી જેવી સીઝનલ બિમારીના દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે અને મેડિકલ સ્ટોર્સ પર આ બિમારીઓથી બચવા માટેનીઆયુર્વેદિક દવાઓનો ઉપાડ પણ સારા પ્રમાણમાં વધ્યો છે.

● હવે તો હદ થાય છે, અત્યાર સુધી શહેરના માર્ગો પર રખડતી ગાયોના ટોળા દેખાતા હતા પણ છેલ્લા કેટલાક દિવસથી કેટલાક માર્ગો પર ગાયો સાથે ગધેડા પણ સારી એવી સંખ્યામાં રખડતા જોવા મળી રહ્યાં છે.

● ઓગષ્ટ મહિનો એટલે રજાઓનો મહિનો. આ મહિનામાં પાંચ શનિવાર આવ્યા છે અને પાંચેય શનિવારે સરકારી રજા હોવાથી કર્મચારીઓ ગેલમાં છે.

- સમીર રામી
9924446645

## આજે ચેરીટેબલ હોસ્પિટલ ફેડરેશનનું વાર્ષિક અધિવેશન

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત રાજય ચેરીટેબલ હોસ્પિટલ ફેડરેશનનું વાર્ષિક અધિવેશન તા. ૨૩મી ઓગષ્ટ રવિવારે સવારે ૯.૩૦ કલાકે મોટા ઈસનપુર ગામે સંતોકબા સંસ્કાર ભવન ખાતે યોજાશે. આ વાર્ષિક અધિવેશન મોટા ઈસનપુરની એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલના યજમાન પદે યોજાશે.

રાજયના આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલ સમારંભના મુખ્ય મહેમાન અને ઉદઘાટક તરીકે ઉપસ્થિત રહેશે. જયારે ગુજરાત રાજય ચેરિટેબલ, હોસ્પિટલ ફેડરેશનના અધ્યક્ષ પી.કે. લહોરી સમારંભના અધ્યક્ષ પદે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત સમારંભના મુખ્ય મહેમાન સદ્‌ભાવ એન્જિનીયરીંગના વિષ્ણુભાઈ પટેલ મુખ્ય મહેમાન પદે તેમજ પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ, સાબરમતીના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ અને ગાંધીનગર-દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલની વિશેષ ઉપસ્થિતિ રહેશે.


# નગરની શાળાઓના વિદ્યાર્થીઓએ રોગ નિયંત્રણ કાર્યક્રમ અન્વયે સેકટરોમાં તપાસ હાથ ધરી

## ઘેર ઘરે જઈ મચ્છરની ઉત્પત્તિ થઈ શકે તેવા હયાત સ્થળો અંગે પૃછા કરી પત્રકમાં નોંધ પાડી

ગાંધીનગર, તા.૨૨

જિલ્લા મેલેરીયા વિભાગ દ્વારા નગરની શાળાઓના વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમમાં સામેલ કર્યા છે. દરેક શાળાઓમાં વાહકજન્ય રોગ ઉત્પત્તિ થવાના કારણો સાથેના પત્રકો આપી વિદ્યાર્થીઓને આ કામગીરી અપાઈ છે. જે અન્વયે હાલમાં નગરના દરેક સેકટરમાં નજીકની શાળાના વિદ્યાર્થીઓ ઘેર ઘેર જઈ મચ્છરની ઉત્પત્તિ થઈ શકે તેવા હયાત સ્થળોની તપાસ અને પૃછા કરી પત્રકો ભરી રહ્યા છે. જો કે વિદ્યાર્થીઓ પણ કામગીરીમાં ઉત્સાહ દાખવી લોક સંપર્ક થકી નાની ઉંમરે કંઈક સારૂ કર્યાનો આનંદ વ્યકત કરી રહ્યા છે.

રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અન્વયે તાજેતરમાં થયેલા વરસાદ પછી મચ્છરો થકી બિમાર પડવાના કેસમાં થયેલા વધારાને ધ્યાને લઈ ઘેર ઘરે તપાસ હાથ ધરવા ઝુંબેશ ચલાવાઈ છે. જેમાં નગરની શાળાઓને સામેલ કરી જે તે સેકટર કે સોસાયટીમાં રહેતા વિદ્યાર્થીઓને વિગતવાર પત્રકો સોંપીને તપાસ કરવા જવાબદારી સોંપાઈ છે. હાલમાં દરેક સેકટરમાં વિદ્યાર્થીઓ ઘેર ઘેર જઈ તપાસ કરીને પત્રકો ભરી રહ્યા છે. નગરની ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં મચ્છર કરડવાતી તથા રોગોમાં ચિંતાજનક ઉછાળો નોંધાતા જિલ્લા મેલેરિયા વિભાગે મચ્છરની ઉત્પત્તિ અટકાવવા તેના મુળભૂત સ્થળોની માહિતી એકત્ર કરવા કાર્યવાહી હાથ ધરી છે.






વિદ્યાર્થીઓને આપવામાં આવેલ પત્રકોમાં કુટુંબના વાલીનું નામ, સરનામું, ઘરમાં કુલ વ્યકિત, કોઠી, પીપ, માટલાં, અન્ડર ગ્રાઉન્ડ ટાંકી, ઓવરહેડ ટાંકી, પાણીની અન્ય ટાંકી, પ્લાસ્ટીકના પાત્રો, ટાયર, ભંગાર, પક્ષીકુંજ, હવાડા, કુલર, ફ્રીઝ, ફુલદાની, નાળીયેરની છાલ તથા અન્ય હયાત વસ્તુઓની તપાસેલ વિગત અને તે પોઝીટીવ છે કે કેમ? તેની વિગતો ભરવાની હોય છે. ઘરમાં પાણીના જે પાત્રોમાં મચ્છરોના પોરા જોવા મળે તે પાત્રો પોઝીટીવ ગણાય છે જે પછી તંત્ર તે અંગે કાર્યવાહી કરી શકે તેવો રિપોર્ટ તૈયાર થઈ રહ્યો છે. નગરની શાળાના બધા વિદ્યાર્થીઓના રિપોર્ટ એકત્રીત કરીને શાળા એ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મારફતે તે અહેવાલ જિલ્લા મેલેરિયા વિભાગને મોકલી આપશે. આમ વિદ્યાર્થીઓને પણ આ મનગમતી કામગીરી મળતા ખુબ જ ઉત્સાહીત બન્યા છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## આજે કડવા પાટીદાર સમાજની વાર્ષિક બેઠક યોજાશે

સે-૧૨ સ્થિત ઉમા સમાજ ભવન ખાતે કડવા પાટીદાર સમાજની ૩૫મી વાર્ષિક બેઠક તા. ૨૩ ઓગષ્ટે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે. સભામાં સમાજનો વિકાસ આગળના વર્ષોમાં આગામી કાર્યક્રમો અને એજન્ડા નક્કી કરવા માટે બેઠક દરમિયાન ચર્ચાઓ કરાશે. આ સભામાં સૌ સભ્યો તેમજ ટ્રસ્ટીઓ, દાતાઓને મોટી સંખ્યામાં હાજર રહેવા સમાજના મહામંત્રી અરવિંદભાઈ પટેલે અનુરોધ કરેલ છે.

## સુઘડ કેનાલમાંથી બિનવારસી મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર નજીક સ્થિત સુઘડ નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં આશરે ૫૦ થી ૫૫ વર્ષના પ્રૌઢનો બિનવારસી હાલતમાં તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ પોલીસને ઘટનાની જાણ થતાં જમાદાર અમરતભાઈ ઘટના સ્થળે પહોંચી ગયા હતાં. મૃતદેહ કેનાલનાં પાણીમાંથી બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પોલીસે મૃતકની ઓળખ માટે તજવીજ શરુ કરી છે. જો કે મોડી રાત સુધી મૃતકની ઓળખ થઈ શકી ન હતી.

## ચિરવિદાય

- સ્વ. બળદેવજી માધુજી વાઘેલા, ઉ.વ. ૭૨, મુ. પીંપળજ, તા.જી. ગાંધીનગર.
- સ્વ. દિનેશભાઈ કાળુભાઈ રાવળ, ઉ.વ.૨૮, ગોકલપુરા સામે છાપરાં, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. વિજયાબેન માધવલાલ ટીલાળા, ઉ.વ.૬૪, બ્લોક નં. ૧૧૦૫, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. પટેલ કાન્તાબેન રમણભાઈ, ઉ.વ.૭૦, બ્લોક નં. ૮૧૫, સેકટર-૨૭, ગાંધીનગર.